|| સનાતન પરમો ધર્મ ||
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર
સોસીયલ મિડીયા
પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણા-કચ્છ

સં -૨૦૭૮ ● અષાઢ સુદ–૧૫ ● તા.૧૩–૦૭–૨૨ ● બુધવાર ● SDP No.: 811 MOB.:+91 7801877774, +91 7718977774 ankasantandharmpatrika@gmail.com

સામ્યવાદીઓનું શિક્ષણ અપનાવવાથી દેશમાં ઔવેશી અને આજના કોંગ્રેસીઓ પેદા થયા.....

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ..

આઝાદ ભારતમાં કોંગ્રેસ સરકારની મરજી અથવા વગર મરજીએ પણ ધીરે ધીરે શિક્ષણમાં સામ્યવાદનો પગ પેસારો થતો ગયો અને બહૂજ દુઃખ સાથે કહેવું પડે છે કે આપણે બધાએ દેશનો ખોટો ઇતિહાસ ભણ્યો છે!! મુસ્લિમ તો ઠીક પણ હિન્દૂઓ પણ સામ્યવાદના ઇતિહાસને સાચો માનીને બેઠા છે અને આવા જ ભણેલાઓ ન્યાયતંત્રના જજ કે વકીલો છે એટલેજ અયોધ્યા, કાશી મથુરામાં હિન્દૂ મંદિર હતા કે નહીં તેનો કેસ ચાલતો હોય ત્યારે દ્વિધ્ધામાં મુકાઈ જતા હોય છે.

હમણાંજ મેં ઔવેશી સાહેબની સુધાન્સુ રંજનજી સાથેની ડિબેટ જોઈ હતી, ત્યારે ઔવેશી સાહેબના ઇતિહાસ વિશેના નિવેદન સાંભળીને હસવું આવતું હતું. એતો સારૂં હતું કે ડીબેટમાં સુધાનશુજી જેવા ઇતિહાસની જડ સુધી ગયેલા પ્રખર વ્યક્તિ બેઠેલા હતા !!

ઔવેશી સાહેબ કહેતા હતા કે 4000 વર્ષ પહેલાં બૌદ્ધ મંદિર તોડ્યું, 2000 વર્ષ પહેલાં ફલાણી ઘટના ઘટી. વગેરે વગેરે. અરે ભાઈ બૌદ્ધ સંપ્રદાયને 2500 વર્ષ થયાં, ઈસાઈને 2000 વર્ષ અને ઇસ્લામને 1400 વર્ષ!! 4000 વર્ષ પહેલાં બૌદ્ધ મંદિર ક્યાંથી આવી ગયું??? મથુરા મંદિર 5000 વર્ષનો ઇતિહાસ, અયોધ્યાનો 10000 વર્ષનો ઇતિહાસ જ્યારે કાશી વિશ્વનાથ મંદિરનો તો લાખો વર્ષ પુરાણો ઇતિહાસ છે!! તમને સાચો ઇતિહાસ ભણવો જ નથી તો સત્યની ક્યાંથી ખબર પડશે??

ઔવેશી સાહેબને બાબર, અકબર, ઔરંગઝેબનું નામ લઈએ તો ગમતું નથી પણ ઔવેશી સાહેબને ખબર નથી કે આ બધા મોઘલના વંશજ છે જે ભારતની ઉત્તર દિશાએ કઝાક અને ઉઝબેકથી માંગોલીયા દેશની વચ્ચેના પ્રાંતના ઝનૂની લોકો છે... મોહમ્મદ સાહેબને માનવાવાળા અને તેમને શરૂઆતથી ફોલો કરનાર મુસ્લિમો તો આરબ દેશો અને ઇરાનની આસપાસના છે. જેઓ ક્યારેય સાંપ્રદાયિક ઝનૂની નથી બન્યા , તેમને પોતાના દેશના વિકાસમાં અને ધંધા રોજગારમાં જ રસ છે.

દેશનો ઇતિહાસ જુવો, હિન્દુસ્થાનમાં ક્યારેય કોઈએ કોઈ સંપ્રદાયનો અનાદર કર્યો નથી. પરંતુ સામ્યવાદી ઇતિહાસે ભારતીય પ્રજામાં હળાહળ ઝેર ભર્યું અને પ્રજામાં સાંપ્રદાયિક વિખવાદ ઉભો કર્યો. મોઘલ રાજાઓ માટે ઔવેશી બચાવ કરતા હોય તો ખોટા છે. હા, મોહમ્મદ સાહેબ અથવા મુસ્લિમ સંપ્રદાય વિરુદ્ધની ટિપ્પણી હોય ત્યાં તેઓ જરૂર પ્રશ્ન કરી શકે છે...

પરંતુ ઔરંગઝેબ કે જેઓ મોઘલ વંશના રાજા હતા અને તેમણે હજારો મંદિરનો વિદ્યવંશ કર્યો તેનો બચાવ કરતા હોય તો તેઓ ખોટા અને જુઠા છે!! આપણે બધા શુદ્ધ ઇતિહાસથી વંચિત રહી ગયા અને સામ્યવાદનો ભેળસેળ વાળો ઇતિહાસ ભણી રહ્યા છીએ એટલે આ બધો ગોટાળો થયો છે...

દેશના પ્રસિદ્ધ વકીલ કપીલ સીબ્બલ, કનૈયાકુમાર,કોંગ્રેસના પ્રવક્તાઓ, સમાજવાદી પક્ષના પ્રવક્તાઓનો કોઈ વાંક ગુન્હો નથી કારણકે તેઓ જે ભણ્યા છે તેને સાચું માનીને મીડિયા સમક્ષ દલીલો કરી રહ્યા છે.... મને એક કહેવતા બુદ્ધિજીવી અને ભણેલા ગણેલા માણસે દલીલ કરી કે આપણા હિંદુઓ ભગવાન વિષ્ણુના દસ અવતારમાં માને છે પણ હું એટલા માટે આ વાત નથી માનતો કે શું ભારતમાં જ આ દસ અવતારે જન્મ લીધો?? ભારત સિવાય ક્યાંય બીજે કોઈ દેશમાં ભગવાનને જન્મ લેવાનું મન ના થયું?? સામાન્ય રીતે એ ભાઈની વાત વિચાર માંગી લે તેવી હતી, પરંતુ આ ભાઈ આપણી જેમ સિર્ફ સામ્યવાદનો ઇતિહાસ ભણેલા હતા...

મેં સિર્ફ એટલુંજ કીધું કે એવો એકપણ પુરાવો આપો કે આજથી ત્રણ-ચાર હજાર વર્ષ પહેલાં ભારતવર્ષ એટલે કે આજના એશીયાખંડ સિવાય કોઈપણ ઉપખંડ યુરોપ,આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, અમેરિકા કે કોઈપણ ભૂમિ ઉપર માનવ વસ્તી મોજુદ હોય?? ત્રણ હજાર વર્ષ પહેલાં આજના ભારત આસપાસના દેશો એટલે કે ભારતવર્ષ સિવાય કોઈપણ ખંડમાં માનવ વસ્તી હતી જ નહીં તો કોઈપણ ભગવાન 5000 વર્ષ પહેલાં માનવ રૂપે જન્મ લે તો પણ તેમને ફરજિયાત ભારતમાં જ જન્મ લેવો પડે!! ભાઈ, ભારતનો ઇતિહાસ યુગો યુગ જૂનો પુરાણો છે....

ઔવેશી સાહેબ ભારતના ગામડે ગામડે શિવલિંગ મળવાના.... કાશી, મથુરા, અયોધ્યા જ નહીં કોઈપણ ગામડે હિન્દૂ સભ્યતાને સાકાર કરનાર મંદિર મળશે અને શિવાલય તો ફરજિયાત મલશેજ !!

-વિનોદ ભાવાણી.

ગુરુ પુનમ પહેલા ગુરુની સમજણ

ગુરુ શું છે

1) ગુરુ એ દરેક સવાલનો જવાબ છે
2) ગુરુ એ દરેક મુશ્કેલીની યુક્તિ છે
3) ગુરુ એ જ્ઞાનનો ભંડાર છે
4) ગુરુ માર્ગદર્શક છે
5) ગુરુ એ અનુભૂતિ છે
6) ગુરુ એ પ્રેમ છે
7) ગુરુ જ્ઞાનની વાણી છે
8) ગુરુ એ આપણા જીવનનો ચમત્કાર છે
9) ગુરુ એક મિત્ર છે
10) ગુરુ ભગવાન સ્વરૂપ છે
11) ગુરુ એ આધ્યાત્મિકતાની વ્યાખ્યા છે

સામાજિક-આધ્યાત્મિક

ધન્ય છે તે લોકો જે ગુરુ સાથે સંપર્કમાં છે અને તેમની સાનિધ્યમાં જીવનનું થોડું જ્ઞાન અને શિક્ષણ પ્રાપ્ત કરવાની તક મળી.ગુરુ શબ્દ અને ગુરુનું જીવન સમુદ્રની ઉંડાઇ જેટલુ છે જેનું વર્ણન કરી શકાતું નથી.

આખી ધરતીને કાગળ કરૂબધી વનરાઈ ની લેખનીસાત સુમંદર ની શાહી કરૂગુરુ તણા ગુણા ન લખી શકાય.ગુરુ નું મહત્વકર્તા કરે ન કર શકે, ગુરુ કરે સબ હોયસાત દ્વિપ નૌ ખંડ મે ગુરુ સે બડા ન કોઈ. ગુરુનો હાથ પકડવા ને બદલે તમારો હાથ ગુરુને પકડાવો કારણ કે આપણે આકસ્મિક રીતે ગુરુનો હાથ છોડી શકીએ છીએ, પરંતુ ....

ગુરુ જેનો હાથ પકડે તે કદી છોડતા નથીગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ ગુરુ દેવો મહેશ્વરા.ગુરુ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમ:ગુરુ વિના જ્ઞાન અધૂરું છે, ગુરુ આપણને સાચો રસ્તો બતાવે છે.તેથી આપણે ગુરુની દરેક આજ્ઞા નું પાલન કરવું જોઈએ.ભગવાન શ્રી રામ અને શ્રી કૃષ્ણએ પણ ગુરુ પાસે શિક્ષણ મેળવવું હતું.આપણા ગ્રંથોમાં ગુરુભક્તિના ઘણા ઉદાહરણો છે.

ગુરુ જ માર્ગદર્શક છે.આત્મા માટે તમારે જાતે પ્રયત્ન કરવો પડશે.ગુરુએ રસ્તો બતાવ્યો છે,તમારે ચાલવું પડશે.ગુરુએ ઉપદેશ આપ્યો છે,અનુસરવું તમારે પડશે.મુક્તિ ગુરુની વાહ વાહ દ્વારા પ્રાપ્ત થતી નથી.ગુરુ વચન પ્રમાણે ચાલવાથી મોક્ષ મળે છેગુરુદ્વાર પર જયારે જવું હોયતો હૃદય શુદ્ધ કરી ને જવુ....

જ્યારે ગુરુની વાત સાંભળવી, તમારા કાન ખુલ્લા રાખો...જ્યારે ગુરુમાં વિશ્વાસ કરવો, હોય તો તમારી આંખો બંધ રાખો...જ્યારે ગુરુને અર્પણ થવુ હોય તો તમારૂં હૃદય ખુલ્લુ રાખો ......જ્યારે ગુરુનો સત્સંગ સાંભળવો હોય તો મોં બંધ રાખો ...

ગુરુની સેવા ક્યારે કરવી હોય તો ઘડિયાળ બંધ રાખો.....જ્યારે ગુરુ પાસે વિનંતી કરવી હોયતો દિલ ખોલી દેવુ... !!! આ ગુરુનો દ્વાર છેતે અહીં મનમા નથી થતી,એ પણ વાત પાક્કી છેઅંહિ કોઈ પરેશાની નથી હોતી ગુરુ પૂર્ણિમાગુરુ પૂર્ણિમા અષાઢ સુદ ૧૫ (પૂનમ) ના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસે શિષ્ય તેના ગુરુ પ્રત્યે તેનો અહોભાવ, તેનો સમર્પણનો ભાવ વ્યક્ત કરે છે.

ગુરુ ભક્તિનું આ અનેરુ પર્વ છે. ગુરુ પૂર્ણિમા એ ગુરુ પ્રત્યેનું ઋણ અદા કરવાનો પવિત્ર અવસર છે.ગુરુથી કોઈ શ્રેષ્ઠ તત્વ નથી, ગુરુથી અધિક તપ નથી અને ગુરુથી વિશેષ કોઈ જ્ઞાન નથી એવા શ્રી ગુરુદેવને નમસ્કાર કરી આપણે ગુરુ પ્રત્યેનો આપણો અહોભાવ વ્યક્ત કરીએ છીએ.ગુરુ વંદનાનો શ્રેષ્ઠ દિવસ એટલે ગુરુ પૂર્ણિમાં. ગુરુ પૂર્ણિમાનાં દિવસને વ્યાસ પૂર્ણિમા પણ કહેવાય છે.

આપણાં શાસ્ત્રો, ગ્રંથોમાં ગુરુ અને ગુરુ પદનો મહિમા અને ગુણગાણનું અદ્ભૂત વર્ણન છે. ગુરુ પુર્ણિમા એટલે ભારત વર્ષની ગુરુ પરંપરાનો દિવસ, ભારતીય સંસ્કૃતિની ગરિમાનો દિવસ, અંધકારથી પ્રકાશ તરફ ગતિ કરવાનો દિવસ, ગુરુ કૃપાનો પ્રાપ્તિ દિવસ, જીવનમાંથી અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવાનો દિવસ, જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનો દિવસ, આદ્યાત્મિક જગતના મહાન પર્વનો દિવસ, ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા પ્રગટ કરવાનો દિવસ, ગુરુ પ્રત્યે શ્રદ્ધા અને સમર્પણ વ્યકત કરવાનો દિવસ, ગુરુએ બતાવેલ આદર્શોના માર્ગે ચાલવાનો સંકલ્પ કરવાનો દિવસ, ગુરુ શિષ્યના પવિત્ર મિલનનો દિવસ.

-મોહન ધોળું, પેટલાદ

કર્ણાટક માં આવેલ મંડયા સમાજ અને યુવા મંડળનું પ્રશંસનીય કાર્ય ત્વરિત મદદ થી એક જીવતદાન અપાવ્યું

આરોગ્ય

મંડ્યા સમાજ - યુવા મંડળ દ્વારા ત્વરિત નિર્ણય અને એક્શન પ્લાન નો અદભૂત આત્મીય પ્રયાસ જેના પરિણામે થયું પ્રસન્સનીય કાર્ય. માનવતા ગૌરવ એવોર્ડ નું ઉત્તમ કાર્ય

ગત 05મી જુલાઇનાં દક્ષિણ ભારત ઝોન સમાજના ત્રિચનાપલ્લી સમાજના સભ્યશ્રી ચંદ્રકાંત દાના રત્નાણી નો પરિવાર ટ્રેન દ્વારા તિરુચિરાપલ્લીથી મૈસૂર જઈ રહ્યો હતો. તેવામાં ચંદ્રકાંતભાઈને સવારે 6:30 વાગ્યે બેંગ્લોર પસાર થયા બાદ ચાલુ ટ્રેન માંજ મેજર હાર્ટ એટેક આવ્યો હતો.

તેમની સાથે રહેલ તેમની દીકરી ખૂબ ગભરાઈ ગયેલ, અને યુવાસંઘ, યુવા સુરક્ષા યોજના વર્તમાન YSK PDO એવા ચેન્નાઈ નાં હરિલાલ ચુનીલાલ રૂડાણીને દર્દીની સ્થિતિ વિશે જાણ કરી, અને મદદ માગેલ. હરિલાલ રૂડાણીએ યુવાસંઘ દ્વારા થયેલ ઓળખાણ ને લઈ દક્ષિણ કર્ણાટક યુવાસંઘના મંડ્યા યુવા મંડળના મિત્રો

અને મંડ્યા સમાજના પ્રમુખ જયંતિભાઈ મેગજી રામાણીનો સંપર્ક કરીને મંડ્યા ખાતે જ તાબડતોબ વ્યવસ્થા કરવા અનુરોધ કર્યો, અને દર્દીને મંડ્યા ઉતરી જવા જણાવેલ.દિનેશ માધવજી પોકાર, ઈશ્વર ગોવિંદભાઈ રામાણી, જગદીશ મૂળજી રામાણી, રાહુલ મોહનભાઈ પોકાર અને મનીષ મોહનભાઈ પોકાર સવારે 8:10 વાગ્યાની આસપાસ દર્દીને લેવા મંડ્યા સ્ટેશન પર એમ્બ્યુલન્સની વ્યવસ્થા સાથે હાજર રહ્યા હતા. તેઓએ દર્દીને પ્રાથમિક તબીબી સારવાર માટે સવારે 8:20 વાગ્યે સ્પંદન હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં રેલવે સ્ટેશનથી ફક્ત 10 મિનિટમાં લઈ પહોંચ્યા હતા. તપાસ મુજબ દર્દીની સ્થિતિ ખૂબ જ ગંભીર હતી તેથી તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી હતી.

દર્દીની સ્થિતિ સ્થિર નાં થાય ત્યાં સુધી યુવક મંડળના સભ્યો હોસ્પિટલમાં ખડીયાખુટ હાજર રહ્યા હતા અને બપોરે 12:30 વાગ્યાની આસપાસ સારવાર બાદ દર્દીને સાજા થવા માટે આઈ.સી.યુ.માં ખસેડવામાં આવ્યા હતા. માધવજી મનજી પોકાર અને તેમના પરિવારે હોસ્પિટલમાં શરૂઆતના કપરા સમયમાં પરિવારનું મનોબળ ટકાવી રાખવા માનસિક ટેકો આપ્યો હતો. પરિવારે દર્દીના પરિવારની તમામ જરૂરિયાતોને પૂરી પાડવા તેમના ઘરે જ રહેવાની વ્યવસ્થા કરી હતી.

મંડ્યા યુવા મંડળના ઓછામાં ઓછા બે સ્વયંસેવકો હંમેશા 24x7 હોસ્પિટલમાં હાજર રહ્યા હતા. મંડ્યા સમાજ અને યુવા મંડળે સમયસર જરૂરતમંદ ને હોસ્પિટલે પહોંચાડી પ્રશંસનીય કાર્ય કર્યું હતું. મળેલ તત્કાલ સારવાર થકી દર્દીને નવું જીવન પ્રદાન કરેલ છે. ૦૫ મી જુલાઈ,૨૦૨૨ થી ૧૨,મી જુલાઈ, 2022 સુધી મંડ્યામાં દર્દીના પરિવાર નું રોકાણ યજમાન માધવજી મનજી પોકાર પરિવારનેં ત્યાં ગોઠવ્યું હતું.

આ મદદ અને સમર્થન માટે દર્દીનો પરિવાર અને સમસ્ત દક્ષિણ ભારત રીજીયન હંમેશા માધવજી મનજી પોકાર પરિવાર અને સમસ્ત મંડ્યા સમાજ અને યુવા મંડળનો આભારી અને ઋણી રહેશે.આપણી ગૌરવવંતી સમાજના યુવાસંઘનાં માળખાની આ તાકાત ખરેખર નોંધ લેવા જેવી છે.

અભિનંદન પાત્ર આ કાર્યનાં કાર્યકરોને બિરદાવવા સંપર્ક કરો..

મંડ્યા સમાજ પ્રમુખશ્રી જયંતીભાઈ રામાણી +91 9448484305

મંડ્યા યુવા મંડળ પ્રમુખશ્રી અરવિંદ પોકાર +91 9964018098

સંયોજક: અમૃત ભાવાણી - ચેન્નાઇ

''બારેય મેઘ... ખાંગા થયા...!''

આ સમાચાર આજકાલ મિડિયા માં છાપાં માં કે પછી કોઇ ના મઢે આપ સૌને સાંભળવા મળતા હશે પણ કોઈને ખબર છે "બારે મેઘ" શું છે.?ગુજરાતી સાહિત્યમાં વરસાદના બાર પ્રકાર પાડેલા છે.....

૧. ફરફર
૨.છાંટા
૩. ફોરા
૪. કરા
૫. પછેડીવા
૬. નેવાધાર
૭. મોલ મેહ
૮. અનરાધાર
૯. મુશળધાર
૧૦. ઢેફાભાંગ
૧૧. પાણ મેહ
૧૨. હેલી

૧. ફરફર:જેનાથી ફકત હાથ પગના રુવાળા ભીના થાય તેવો નજીવો વરસાદ
૨. છાંટા :ફરફર થી થોડો વધારે વરસાદ
૩. ફોરા :છાંટાથી મોટા ટીપા વાળો વરસાદ
૪. કરા :ફોરાથી વધુ અને નાના બરફના ટુકડાનો વરસાદ
૫. પછેડીવા :પછેડીથી રક્ષણ થાય તેવો વરસાદ
૬. નેવાધાર :છાપરાના નેવા પરથી પાણીની ધાર વહે તેવો વરસાદ
૭. મોલમેહ :મોલ - પાકને પૂરતો થઈ રહે તેટલો વરસાદ
૮. અનરાધાર :એક છાંટા ને બીજો છાંટો અડે અને ધાર થાય એવો વરસાદ
૯. મુશળધાર :અનરાધાર થી વધુ હોય એવો વરસાદમુશળ - સાંબેલાધાર વરસાદ પણ કહેવામાં આવે છે
૧૦. ઢેફાં :વરસાદની તીવ્રતાથી ખેતરમાં માટીના ઢેફાં ભાંગી જાય એવો વરસાદ
૧૧. પાણ મેહ : ખેતરો પાણીથી ભરાઇ જાય અને કૂવાના પાણી ઉપર આવી જાય એવો વરસાદ
૧૨. હેલી :અગિયાર પ્રકારના વરસાદથી કોઈ વરસાદ સતત એક અઠવાડિયું ચાલે તેને હેલી કહેવાય છે.

કચ્છમાં સચરાચર ચોમાસુ ચાલે છે ને આવી સ્થિતિમાં થી પસાર થઇ રહ્યું છે એટલે યાદ આવ્યું.

-સંયોજક: કા.વા. રામાણી, કોટડા

કલેકટર કચેરી માં અતિ વરસાદ નાં કારણે આવનાર આફત માટે ની બેઠક

કલેકટર કચેરી ભુજ જીલ્લામાં હાલની વરસાદની પરિસ્થિતિ અંગે તથા આગામી રેડ એલર્ટ સંદર્ભે જીલ્લા/તાલુકાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સનાં માધ્યમથી તાકીદે બેઠક યોજી તમામ સબંધિતોને સ્ટેન્ડ ટુ રહેવા અને કોઈ પણ દુર્ઘટનાની પરિસ્થિતિને પહોંચી વળવા તમામ તૈયારીઓ સુનિશ્ચિત કરી સૂચનાઓ આપી. - કચ્છ કલેકટર.

માંડવી–ગઢશીશા વચ્ચે માર્ગ અવરોધાયો ગઢશીશા–શેરડી વચ્ચે નદી આવતા માર્ગ થયો બંધ ભારે વરસાદના કારણે નદીમાં ઘોડાપુર આવ્યા માર્ગ બંધ થતાં અનેક વાહનો અટવાયા

સંત ખેતાબાપા વિથોણ માં સંત સરોવર માં પાણી ઓગની જતા સમગ્ર કેમ્પસ માં પાણી પાણી પાણી નો ભરાવો.

દેવપર (યક્ષ) નું તળાવ માં પાણી નાં સમાયું ને તે પણ ઓગની ગયું. પ્રથમ ઓવર નાં વરસાદ માં જાણે યુવરાજ ની છ સિક્સર નો અનુભવ વાદળાંઓ એ આ સમયે કચ્છી માડુ ને કરાવી દીધા છે.

ગાંધીધામ લોહાણા સમાજ ભવન નાં હોલ માં પણ પાણી નો ભરાવો. મન મૂકી ને મેહુલિયો આ વેળા વરસી રહ્યો છે.

વિજય સાગર ડેમ નું ઓગન નું અકલ્પનીય રમણીય દ્રશ્ય.

ભૂખી ડેમ દેવીસર ઓગની ગયો. આ ડેમ ૫૦ વર્ષ માં ત્રીજી વખત ઓગન્યો છે.

કચ્છ માં તાલુકા અબડાસા રાપર અંજાર માંડવી નખત્રાણા ભારે વરસાદના કારણે ખારેકના પાકને ભારે નુકસાનનખત્રાણા તેમજ તાલુકા ના દેશલપર ગુતલીમાં ખારેકનો પાક બગડતા ખેડૂતોની હાલત કફોડી બારાહીઇઝરાયેલ ટીસ્યુ ખારેકનો 80% થી વધુ પાક બગડી જતા ખેડૂતોને રાતે પાણીએ રોવા નો વારો આવ્યો પણ આ તો ખંત ખમીર ને ખાનદાની નાં ખેડુ નેં પ્રકૃતિ પણ પરેશાન કરે છે.

બારા ગામને વહારે BSF આવ્યુંકચ્છના અબડાસાનું બારા ગામ છેલ્લા 06 દિવસથી સંપર્ક વિહોણું 06 દિવસથી સંપર્ક વિહોણું હોતા લોકોના ઘરમાં રાસન ખૂટયું BSF ની 102 બટાલિયન દ્વારા રાસન કિટો પહોંચાડવા પહોંચીસ્પીડ બોટ સહિત અદ્યતન ટેકનોલોજીના સાથે પહોંચી ટિમ

શિષ્યના સમર્પણનું પર્વ છે ગુરુપૂર્ણિમા

સામાજિક-આધ્યાત્મિક

ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિ : પૂજામૂલ ગુરો : પદમ્ । મંત્રમૂલં ગુરોર્વાક્ય મોક્ષમૂલં ગુરો : કૃપા ।।આષાઢ સુદ પૂનમનું નામ વ્યાસ પૂર્ણિમા પડયું, ગુરુ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા પણ કહે છે. આને સૌથી મોટી પૂનમ માનવામાં આવી છે. 'ગુ' એટલે કે અજ્ઞાનરૂપી અંધકાર અને 'રુ' અર્થાત અંધકારનો નાશ કરનાર જ્ઞાનરૂપી પ્રકાશ.

આમ ગુરુનો અર્થ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર એવો થાય છે. ભગવાન શિવે ગુરુ વિશે સ્વયં કહ્યું છે.ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિ : પૂજામૂલ ગુરો : પદમ્ ।મંત્રમૂલં ગુરોર્વાક્ય મોક્ષમૂલં ગુરો : કૃપા ।।અર્થાત ગુરુદેવની ભાવમયી મૂર્તિ ધ્યાનનું મૂળ છે.

તેમના ચરણકમળ પૂજાનું મૂળ છે. તેમના દ્વારા કહેવાયેલાં વાક્ય મૂળમંત્ર છે. તેમની કૃપા જ મોક્ષનું મૂળ છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું પદ સર્વોચ્ચ માનવામાં આવ્યું છે. ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સમાન કહ્યાં છે. જીવનમાં શિક્ષણ આપનાર ગુરુ મળવાનું તો સહજ થઈ જાય છે. પરંતુ જીવનવિદ્યા અને અધ્યાત્મવિદ્યા પ્રદાન કરનાર ગુરુનું મળવું મુશ્કેલ હોય છે.

ગુરુનો મહિમા અનંત છે. તેમનું થોડુંક પણ સાંનિધ્ય જીવાત્માને સદ્ગતિ પ્રદાન કરે છે. ગુરુ જ એકમાત્ર એવા નાવિક છે જે આ સંસાર સાગરમાંથી જીવાત્માને પાર લગાવી શકે છે. આ કારણે સંત કબીરદાસજી કહે છે -તીરથ નહાયે એક ફલ, સંત મિલે ફલ ચાર ।સત્ગુરુ મિલે અનન્ન ફલ, કહત કબીર વિચાર ।।ગુરુકૃપા મેળવવા માટે ગુરુ પ્રત્યે શ્રધ્ધા હોવી અત્યંત જરૂરી છે તથા તેમણે બતાવેલા માર્ગ પર દૃઢતાપૂર્વક આગળ વધવામાં આવે તો ગુરુની કૃપા નિરંતર મળતી રહે છે.

ગુરુની કૃપા અને શિષ્યનું સમર્પણ એ બંને જો ભેગાં મળે તો શિષ્યના જીવનનું સંપૂર્ણ રૂપાંતરણ થઈ જાય છે.શ્રી રામ શર્મા આચાર્ય એ કહ્યું કે- ગુરુ શિષ્યોનો સંબંધએ આત્માનો સંબંધ છે. જે રીતે આપણે દૃષ્ટિ વગર કોઈ વસ્તુને જાણી શકતા નથી એ જ રીતે આપણે ગુરુવગર જીવનને સમજી શકતા નથી તથા ઉન્નતિ કરી શકતા નથી. જ્ઞાન, ધ્યાન, ચેતના , ચિંતન, સંસ્કાર, વિચાર , દેશ ,વિશ્વ ,વાતાવરણ, પ્રકૃતિ, ભક્તિ, મુક્તિ વગેરે તમામ બાબતોને જાણવા માટે ગુરુની જરૂર પડે છે.

સંત કબીરદાસજીએ કહ્યું કે-ગુરુ ગોવિંદ દોઉ ખડે, કિસકો લાગો પાય ।બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાય ।।ગુરુ અને ગોવિંદ બંને ઉભા છે, કોને પ્રથમ પ્રણામ કરું? બલિહારી ગુરુજીની છે, જેમણે ગોવિંદની ઓળખાણ કરાવી છે.ગુરુ એસેતુ છે જેના પર ચાલીને શિષ્ય પરમાત્મા સુધી પહોંચી જાય છે. સાંસારિક સંબંધ એ છે જે શરીર અને મનના રાગ-દ્વેષ સુધી સીમિત રહે છે.

જ્યારે આત્મિક અને આધ્યાત્મિક સંબંધ એ છે જે શરીર અને મનના પરિષ્કારની સાથે જ આત્માની ઉન્નતિ પ્રગતિ અને મુક્તિ સાથે પણ સંબંધિત હોય છે. વેદ વ્યાસજીએ વેદો ઉપરાંત અઢાર પુરાણો, બ્રહ્મસૂત્ર વગેરે આર્ષગ્રંથોનું પણ સર્જન કર્યું છે. તે ગ્રંથો માનવજાતને સાચો માર્ગ બતાવવાનું કાર્ય કરે છે.

ભગવાન વેદવ્યાસે લોકોના અંત:કરણને જ્ઞાનના દિવ્યપ્રકાશથી પ્રકાશિત તથા પ્રજ્વલિત કર્યું એટલે જ ગુરુના રૂપમાં પૂજન કરવામાં આવે છે.

રમેશ ડી વાસાણી, નાશિક.

અભિનંદન,

૯૭% ૧૨ માં ધોરણ આંતરરાષ્ટ્રીય બોર્ડ પરીક્ષા માં વંસ હિતેશ પોકાર વર્ષા અને હિતેશ ગંગારામ પોકારનાં સુપુત્ર, બોરીવલી, મુંબઈ

હિતેશ પોકાર કચ્છ માં વિરાણી (નાની) યુવાસંઘ માં હાલે બીઝનેસ સેલ નાં મુખ્ય કનવિનર તરીકે સેવા અર્પણ કરી રહ્યા છે..

સનાતન ધર્મ પત્રિકા સમિતિ આપનું અભિવાદન કરે છે.

અવસાન નોંધ

KUTCHH NEWS National

તારીખ : 12/07/2022
સ્વ.ધનલક્ષ્મીબેન છબીલદાસ ધોળું
ઉંમર : 81 વર્ષ
કચ્છ માં ગામ : વિથોણ,
હાલે : નાગપુર (મહારાષ્ટ્ર)